જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૭/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૦૯૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/07/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૧૯૬ | ૪૬ | ૯૨૪૨ | ૧૫૨૬૨ | ૩૮ | ૧૫૩૦૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૦ | ૪૨૬૨ | ૫૭૭૮ | ૦ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૨ | ૦ | ૪૨ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૫૭૨ | ૪૨ | ૧૦૬૧૪ | ૧૧૩૩૧ | ૩૬ | ૧૧૩૬૭ |
| કુલ | | ૨૪૦૭૨ | ૮૮ | ૨૪૧૬૦ | ૩૨૫૭૪ | ૭૪ | ૩૨૬૪૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૧ | ૪,૬૧,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૧૯ | ૭,૮૩,૮૦૦/- |

# લુંટના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ :-**

## અમદાવાદ શહેરમા અલગ અલગ વિસ્તારોમાંથી પાંચેક જેટલા સોનાના દોરા/મંગળસુત્રની લુંટ કરેલ બે આરોપીઓને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.વી. ગોહિલ સાહેબ તરફથી અમદાવાદ શહેરમાં બનતા ચેઇન સ્નેચીંગના ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા તેમજ આવા ગુન્હા બનતા અટકાવવા આપેલ સુચના અનુસાર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એન.ચાવડા તથા પોલીસ સબ ઇન્સપેકટરશ્રી કે.એમ.બેરીયા તથા ટીમના માણસો ઉપરોકત કામગીરી સબંધે કાર્યરત હતા. દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપીઓ (૧) વિશાલ રાજેશભાઇ દંતાણી ઉ.વ.૨૦ રહે,મ.નં.૧૦ રાજાવીર સોસાયટી રાયકા ચોક ઠક્કર નગર કૃષ્ણનગર અમદાવાદ શહેર (૨) મયુર ઉર્ફે હુકમ સ/ઓ મુન્નાભાઇ યાદવ ઉ.વ.૨૦ રહેવાસી. મ.નં.૭૧ રાજાવીર સોસાયટી ઠકકરનગર કુષ્ણનગર અમદાવાદ શહેરનાઓને સુઝુકી એકસેસ વાહન કિં રુ ૪૫,૦૦૦/ તથા રીયલ મી કંપનીનો મોબાઇલ ફોન કિં રુ ૧૦,૦૦૦/ સાથે પકડી પાડવામા આવેલ છે.

જે આરોપીઓની પુછપરછમા આરોપીઓ બન્ને કબજે કરવામા આવેલ સુઝુકી એકસેસ વાહન ઉપર અમદાવાદ શહેરમા રામોલ, ઇસનપુર, મણીનગર, વટવા, અમરાઇવાડી વિસ્તારમા સાંજના સમયે જઇ સોસાયટીઓમા એકલ દોકલ જતી સ્ત્રીઓને રોકી તેઓને સરનામુ પુછવાના બહાને તેઓના ગળામાંથી સોનાના દોરા/મંગળસુત્રની લુંટ કરવાની ટેવવાળા છે.આરોપીઓની પુછપરછ મા આરોપીઓએ નીચે જણાવેલ જગ્યાએથી સોનાના દોરા/મંગળસુત્રની લુંટ કરેલાની વિગત જણાવેલ જે મુજબ નીચે મુજબના ગુન્હા ડીટેકટ થયેલ છે.

## શોધાયેલ ગુન્હાઓ

(૧) રામોલ પો.સ્ટે.ફ્સ્ટ ગુ.ર. નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૮૭૨/ ૨૦૨૦ ઇ.પી. કો.કલમ ૩૭૯(એ)(૩) , ૧૧૪ મુજબ

(૨) ઇસનપુર પો સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૨૨૦૦૯૦૩/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ (એ) (૩), મુજબ

## તેમજ દાખલ નહિ થયેલ ગુન્હાઓ

(૧) આજથી આશરે દસ બાર દિવસ પહેલા રામોલ બરોડા એક્ષપ્રેસ હાઇવે પાસે શ્રી નંદ રેસીડેન્સી ના ફ્લેટ ની સામે ગરનાળા પાસેથી એક ભાઇ પગે ચાલી જતા હતા તેઓને સરનામુ પુછવાના બહાને ઉભા રખાવી તેઓની પાસે રહેલ મો.ફોનની લુટ કરી નાસી ગયેલ જે મોબાઇલ ફોન આરોપીઓ પાસેથી કબજે કરવામા આવેલ છે.

(૨) પુર્વીનગર સોસાયટીના નાકે ઘોડાસર કેનાલ ઉપર ઇસનપુર અમદાવાદખાતેથી આશરે વીસ પચ્ચીસ દિવસ પહેલા રાતના સાત આઠ વાગ્યાના સમયે એક બેન પગે ચાલી જતા હતા તેઓને સરનામુ પુછવાના બહાને ઉભા રખાવી તેઓના ગળામાંથી સોનાના ચેઇનની લુંટ કરેલ છે.

(૩) જયંતપાર્ક સોસાયટીમા ભાડુઆતનગર ઇસનપુર રોડ ઉપર અમદાવાદ ખાતેથી લોકડાઉન થયેલ તેના થોડા દિવસ પહેલા સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે એક બેન પગે ચાલી જતા હતા તેઓને સરનામુ પુછવાના બહાને ઉભા રખાવી તેઓના ગળામાંથી સોનાની ચેઇનની લુટ કરેલ છે.

## આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી_મયુર ઉર્ફે હુકમ સ/ઓ મુન્નાભાઇ યાદવનાનો અગાઉ નરોડા પો સ્ટેશનમા વાહન ચોરીના ગુન્હામા પકડાયેલ છે.

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## લૂંટનો આરોપી શોધી કાઢતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૫૩૪ /૨૦૨૦ ઇપીકો કલમ-૩૯૪ ૧૧૪ તથા જીપીએકટ કલમ-૧૩૫(૧) તથા (૨) ગુ.ર.નં.૧૧૧૯૧૦૩ ૧૨૦૦૫૪૦/૨૦૨૦ ઇપીકો કલમ-૩૯૭,૩૯૪,૩૩૭,૪૨૭,૧૧૪ તથા જીપીએકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામમાં લૂંટમાં ગયેલ રોકડા રૂ.૨૦૦૦/- તથા એક ઓપો કંપનીનો મોબાઇલ ફોન જેની કિંમત આશરે રૂ.૫૦૦૦/- ગણી શકાય તે આરોપી- પ્રદિપભાઇ ઉર્ફે પીપી સ/ઓ દશરથભાઇ મોહનભાઇ જાતે પટણી (ઘાતીવાળા) ઉ.વ-૨૨ રહે.મામુ પઠાણની ચાલી પંજાબ સોસાયટીની બાજુમાં ચમનપુરા અસારવા શાહીબાગ અમદાવાદ શહેર નાનો કબુલાત કરતા ઉપરોકત ગુનાના કામે તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ પકડી અટક કરી ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** પ્રદિપભાઇ ઉર્ફે પીપી સ/ઓ દશરથભાઇ મોહનભાઇ જાતે પટણી (ઘાતીવાળા) ઉ.વ-૨૨ રહે.મામુ પઠાણની ચાલી પંજાબ સોસાયટીની બાજુમાં ચમનપુરા અસારવા શાહીબાગ અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો રાજેશભાઈ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.મુકેશ સાંકાભાઇ બ.નં.૪૯૧૧



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ :-**

## ખેરાલુ પોલીસ સ્ટેશનના સને-૨૦૦૮ ના હત્યાના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનરશ્રી અજય તોમર સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ, મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.વી.ગોહિલ સાહેબ તરફથી મિલ્કત સબંધી તેમજ શરીર સબંધી ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા તથા આવા ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાયદેસર કરવા આપેલ સુચના અનુસાર પોલીસ ઇન્સપેકટરશ્રી જે.એન.ચાવડા સાહેબે આપેલ માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સપેકટર શ્રી કે.એમ બેરીયા તથા તેમની ટીમના માણસો ઉપરોકત કામગીરી સબંધે કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપી વિષ્ણુજી સ/ઓ પ્રતાપજી સેંધાજી ઠાકોર ઉ.વ.42 હાલ રહે, એ/125, મીનાક્ષીપુરમ, સિવીલ ડીફેન્સ કોલોની પાછળ, મેરઠ, ઉતરપ્રદેશ મુળ રહે, ગામ : ડભોડા, તા.ખેરાલુ, જી.મહેસાણાં ગુજરાતની ધરપકડ કરેલ છે.

ઉપરોકત આરોપી ખેરાલુ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.49/2008 ઇ.પી.કો. કલમ 302, 147, 148, 149 તથા જી.પી.એકટ કલમ 135 મુજબના ગુન્હાના કામે છેલ્લા 12 વર્ષથી નાસતો ફરતો રહેલ હોઇ જેથી તેની ધરપકડ કરી વધુ તપાસ અર્થે ખેરાલુ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે.

આ કામે હકીક્ત એવી છે કે ગામ : ડભોડા તા. ખેરાલુ જી. મહેસાણાં ખાતે રેતીની રોયલ્ટી સબંધે ઉપરોકત આરોપીના ભાઇ બળવંતજી પ્રતાપજી ઠાકોરને સામાપક્ષે શૈલેન્દ્રસિંહ હરપાલસિહ સાથે ઝઘડો થયેલ અને તે ઝઘડાના સમાધાન માટે બંન્ને પક્ષે માણસો ભેગા થયેલ હોઇ તે વખતે બળવંતજી પ્રતાપજી, ભરતજી પ્રતાપજી, વિષ્ણુજી પ્રતાપજી તથા બીજા ઇસમો એકસંપ કરી ઘાતક હથિયારો ધારણ કરી સામાપક્ષ ઉપર હુમલો કરેલ જે બનાવમાં લલ્લુભાઇ વસ્તાભાઇ દેસાઇ ની હત્યા થયેલ હતી. જે સબંધે ખેરાલુ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત નંબરથી ગુન્હો દાખલ થયેલ હતો. જે ગુન્હાના કામે ખેરાલુ પોલીસે ધરપકડ કરેલ આરોપીઓ પૈકી બળવંતજી પ્રતાપજી તથા ભરતજી પ્રતાપજી ને  નામદાર કોર્ટ તરફથી આજીવન કેદની સજા ફરમાવેલ છે, જેઓ હાલ અમદાવાદ શહેર સેન્ટ્રલ જેલ ખાતે સજા ભોગવી રહેલ છે.

આ ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી વિષ્ણુજી સ/ઓ પ્રતાપજી સેંધાજી ઠાકોર સને 1997 થી આર્મી માં નોકરી કરતો હતો અને મેરઠ યુનિટમાં ફરજ બજાવતો હતો જેણે સને 2013 માં સ્વૈચ્છિક નિવૃતિ લીધેલ છે. ઉપરોકત આરોપી સને 2008 માં ઉપરોકત હત્યાનો ગુન્હો કરી મેરઠ ઉતરપ્રદેશ ખાતે રહેતો હતો અને કોરોના મહામારીમાં લોકડાઉન થતાં થોડા દિવસથી તેના વતન આવી રહેલ હતો જે મેરઠ જવા કાલુપુર રેલ્વે સ્ટેશનથી ટ્રેન પકડવા આવતાં અમદાવાદ ખાતેથી પોલીસના હાથે ઝડપાઇ ગયેલ છે



## ઇસનપુર પોલીસ સ્ટેશન:-

## ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૪૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૮૦,૫૧૧ તથા પ્રિવેન્શન ઓફ ડેમેઝ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩,૭ મુજબના મુજબના ગુનામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો. મોહમદ અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.લો.ર. ભરતભાઇ લક્ષ્મણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૪૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૮૦,૫૧૧ તથા પ્રિવેન્શન ઓફ ડેમેઝ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩,૭ મુજબના કામના નાસતા-ફરતા આરોપી જગદીશભાઇ મુન્નાભાઇ દંતાણી ઉ.વ ૨૨ રહે,નીલગીરીના છાપરા ચંડોળા પાળ ઇસનપુર અમદાવાદ શહેર હાલ રહે,ચાંદલોડીયા પુલ નીચે ફુટપાથ ઉપર અમદાવાદ શહેર નાને ચંડોળા પાળ નીલગીરીના છાપરા તેના ઘર આગળથી તા ૦૩/૦૭/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી પાડવામા આવેલ છે તા.૦૪/૦૭/૨૦૨૦



# ઘરફોડના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમબ્રાન્ચ :-**

## બે આરોપીઓને ચાર મોબાઇલ ફોન અને સુઝુકી એકસેસ-૧૨૫ સાથે પકડી ઘરફોડ ચોરી અને મોબાઇલ સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બનતા ઘરફોડ ચોરી/મોબાઇલ સ્નેચીંગના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નરશ્રી અજય કુમાર તોમર સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના હે.કો.ભરતકુમાર શીવરામભાઇ અને પો.કો.રમેશકુમાર હીરદેરામ નાઓને મળેલ બાતમી હકીકત આધારે તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ ગોમતીપુર ટોપીમીલ ઢાળ પાસેથી આરોપીઓ (૧) ઐયુબખાન @ મહમંદ @ ઐયુબ બટકો સ/ઓ યુસુફખાન રહીમખાન પઠાણ ઉવ. ૨૮ રહે. મદની મહોલ્લો મ્યુ.દવાખાનાની પાછળ ત્રણ બટ્ટી નવી મસ્જીદની સામે ટોપી મીલના ઢાળ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર (૨) હસન @ મોહસીન બુઢા સ/ઓ શબ્બીરભાઇ યુસુફદાતર સંધી ઉવ.૨૮ રહે.સદર નાઓને ૪ મોબાઇલ ફોન અને સુઝુકી એકસેસ-૧૨૫ મળી કુલ્લે કિ઼રૂ.૩૫,૦૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી પાડી ઘરફોડ ચોરી અને મોબાઇલ સ્નેચીંગનો ગુનો શોધી કાઢેલ છે.

## પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઈતીહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.૧ ઐયુબખાન @ મહમંદ નાનો સને ૨૦૧૭ માં ગોમતીપુર પો.સ્ટે માં ચોરીઓના ગુનામાં પકડાયેલ છે અને સુરત જેલમાં પાસામાં જઇ આવેલ અને આરોપી નં.૨ હસન @ મોહસીન બુઢા સને ૨૦૧૮ માં ગોમતીપુર પો.સ્ટે માં વાહન ચોરી અને ઘરફોડ ચોરીના ગુનામાં અને જુગારના કેસમાં પકડાયેલ છે.

## શોધાયેલ ગુન્હા

(૧) ગોમતીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૦૦૭૭૬/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦ મુજબ.
(૨) કાલુપુર પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૬૨૦૦૨૩૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબ

## પકડાયેલ આરોપીઓની એમ.ઓ.

આ કામે પકડાયેલ આરોપીઓ કોઇ કામધંધો કરતા ન હોય અને પૈસાની જરૂર હોય અમદાવાદ શહેર વિસ્તારમાં ફરતા અને મોકો મળેથી ઘરમાં ઘુસી ઘરફોડ ચોરી અને આવતા જતા રાહદારીઓના મોબાઇલ સ્નેચીંગ કરતા હતા.

પકડાયેલ આરોપીઓની વધુ પુછપરછ જારી છે બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.

# વાહનચોરીના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## માધુપુરા પોલીસ સ્ટેશનના સ્પેલેન્ડર પ્લસ ગાડી ચોરીનો ગુનો શોધી કાઢી મુદામાલ રીકવર કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી તથા પોલીસ ઇન્સપેકટર કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.03/0૭/૨૦૨૦ ના કલાક ૧૩/00 વાગે ઇસનપુર ચોકીદાર બાવાની દરગાહ પાસેથી અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.હે.કો કુલદિપસિંહ હરૂભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી રાહીલ સિકંદરભાઇ શેખ ઉ.વ ૨૬ રહે,મ.નં ૭ રોજી ફ્લેટ છીપા સોસાયટી મોતી બેકરીની પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાને એક હીરો સ્પેલેન્ડર પ્લસ જેની આગળ પાછળ નંબર પ્લેટ નથી જેનો ચેચીસ નંબર જોતા MBLHAR086J5D04547 તથા એન્જીન નંબર જોતા HA10AGJ5D12104 કિંમત રૂપિયા ૪૫,000/-ની મત્તા સાથે પકડી પાડી માધુપુરા પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૧૦૨૦૦૧૩૫/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.03/0૭/૨૦૨૦



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૮૪ બોટલ તથા ૧૨૦ ક્વાટરીયા મળી કુલ ૬૮,૪૦૦/-મુદ્દામાલ પકડી પાડી ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહીબિશનની બદી નેસ્ત નાબુદ થાય તે સારૂ તા ૦૨/૦૭/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા *લોકરક્ષક રોહીતસિંહ નટુભા તથા લોકરક્ષક મહાવીરસિંહ સિધ્ધરાજસિંહ* નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત મળેલ કે પ્રોહીબુટલેગર જીજ્ઞેશ ઉર્ફે જીગા ટુ-ટ્વેન્ટી હરિશભાઇ વાઘેલા રહે,પહેલો માળ શકુ ભવન મ.નં બી/૩ આનંદપાર્ક મઢુલીની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાનો ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો લાવેલો છે અને તે જથ્થો તેણે હાલમા તેના ઘરે ધાબા ઉપર જવાના દાદરા પાસે બનાવેલ સ્ટોર રૂમમા સંતાડીને રાખેલ છે જે બાતમી આધારે સદરીના ઘરે પ્રોહી અંગેની રેઇડ કરી ભારતીય બનાવટના વિદેશીદારૂની શીલબંધ બોટલ નંગ-૧૭ કિંમત રૂપિયા ૧૦,૨૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી અજય સ/ઓ હરિશભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા ઉ.વ ૨૬ રહે,શંકુભવન મ.નં બી/૩ આનંદપાર્ક મઢુલીની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી સદરીને વધુ પુછપરછ કરા બીજો જથ્થો પોતાના ભાઇ જીજ્ઞેશ ઉર્ફે જીગા ટુ-ટ્વેન્ટીએ ગોરધન એસ્ટેટ પ્લાસ્ટીકના કારખાનાની બાજુમા આવેલ અંબિકા એન્જીનીયરીંગ કંપનીના ખુલ્લા પ્લોટમા રેતીના ઢગલામા સંતાડીને રાખેલ ભારતીય બનાવટના વિદેશીદારૂની શીલબંધ બોટલ નંગ-૬૭ કિંમત રૂપિયા ૪૦,૨૦૦/- નો તથા ભારતીય બનાવટના વિદેશીદારૂના ક્વાટરીયા નંગ-૧૨૦ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-ના મળી કુલ રૂપિયા ૬૮,૨૦૦/-નો મુદ્દામાલ મળી આવેલ અને મુખ્ય આરોપી આરોપી હરિશભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા નાનો ઘરે હાજર નહી મળી આવતા તેને વોન્ટેડ બતાવી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૧૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ, ૧૧૬(બી) ૮૧ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે તા ૦૩/૦૭/૨૦૨૦




# પાસા આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## દેશીદારુની હેરાફેરી કરતા પકડાયેલ આરોપીની પાસામાં અટકાયત કરી સુરત (લાજપોર) મધ્યસ્થ જેલમાં મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ આરોપી બીપીનભાઈ નારાયણભાઈ ચૌહાણ ઉ.વ.૩૨ રહે, ગાયત્રીનગર ગુ.હા. બોર્ડ, ચાંદખેડા અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ચાંદખેડા પો.સ્ટે. ૧૧૧૯૧૦૦૮૨૦૦૬૦૦/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબ દેશી દારૂ ૪ લિટર કિ.રૂ.૮૦/- તથા ચાંદખેડા પો.સ્ટે. ૧૧૧૯૧૦૦૮૨૦૦૬૩૫/ ૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(ઇ) ૮૧ તથા ૯૮(૨) મુજબ પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપીથી આઇ.૨૦ ગાડી નં. GJ.01.RW.9650 માં ૧૨૦ લીટર દેશીદારુ કી.રૂ.૨૪૦૦/- નો તથા આઇ.ટી-૨૦ ગાડી મળી કુલ્લે રૂ ૩,૦૨,૪૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૨૩/૨૦૨૦ તા.૦૩/૦૭/૨૦૨૦ થી સદરીને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૩/૦૭/૨૦૨૦ કલાક ૨૦/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર** (૧) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮ (૨) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭ (૩) લોકરક્ષક વિશાલકુમાર પ્રભાભાઇ બ.નં.૧૧૨૮૩



## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

ઓઢવ પોલીસ સ્ટેશન અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તરફથી પ્રોહીબિશન ગુના કરવાની ટેવવાળા ઇસમ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવેલ આવા ગુન્હાઓ કરતા ઇસમ ઉપર અંકુશ રહે તે સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિતેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને હરીશકુમાર રસીકલાલ જોષી નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- PCB/DTN/PASA/417/20 તા.02/07/2020 અન્વયે વોરંટની બજવણી કરી સુરત જેલ મોકલી આપેલ છે. તા-૦૨/૦૭/૨૦૨૦.

→ **પાસા અટકાયતી:**

હરીશકુમાર રસીકલાલ જોષી, ઉ.વ.૫૦ રહે: બી/૧૩૫૦, ઇન્દીરાપાર્ક સોસાયટી, આદિનાથનગર, ઓઢવ, અ'વાદ શહેર

→ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં.૧૩૫૨૭ લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨ લોકરક્ષક હરપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૧૭૦૦

→ **બાતમી આપનાર અધિકારી/કર્મચારી:** એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં.૧૩૫૨૭

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૯૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, ૮૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૯૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૦૦/૨૦૨૦

**સરદારનગરઃ** (૧) હેશભાઇ હોલારામ શર્મા (ઉ.વ.૪૪) (રહે. ગોપાલ પાર્ક સોસાયટી નજીક સિંન્ધી હોસ્પીટલ માયા સિનેમાં રોડ કુબેરનગર સરદારનગર) એ તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હેશભાઇ શર્માની પત્નીએ “મીસ ક્વીન” ઓનલાઇન એપ પરથી ડ્રેસ મંગાવેલ હતો. જે કુરીયરમાં ડ્રેસના બદલે સાડી આવતા હેશભાઈના પત્નીએ તા.૧૫/૦૩/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે “મીસ ક્વીન” ઓનલાઇન એપ ના કસ્ટમર કેર નંબર ૬૨૮૯૪૬૬૦૭૧ પર ફોન કરતા સામેથી હેશભાઈના પત્નીને જણાવેલ કે હુ તમારા મોબાઇલ નંબર એક લીંક મોકલુ છું જે લીંક ઉપર તમારે ક્લીક કરવાનુ છે અને તમે ડીલીવર સમયે જે રૂપિયા ૬૦૦/- આપેલ હતા તે હું પેટીએમ થી તમારા ફોનમાં ટ્રાન્સફર કરુ છું તેમ કહેતા હેશભાઈના મોબાઇલ ફોન ઉપર લીંક મોકલતા તે લીંક હેશભાઈએ ક્લીક કરતાં હેશભાઈના બેન્કના ખાતામાંથી રૂપિયા ૨૩,૦૦૦/- અન્ય વ્યક્તિના ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) પુનમ ડો/ઓફ ગોવિંદરામ મુરઝાણી (ઉ.વ.૩૩) (રહે. ઓઝોન સીટી આઈ.ટી આઈ.રોડ કુબેરનગર સરદારનગર) એ તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ પુનમ મુરઝાણી ના ફોન પર ફોન કરી એસ.બી.આઈ બેન્ક માંથી વાત કરતા હોવાની ઓળખ આપી તમે એટીએમ વાપરો છો અને ટેક્સ ભરતા નથી તેમ જણાવી પુનમબહેન મુરઝાણી પાસેથી બેનકની માહીતી મેળવી લઈ તેમજ પુનમબહેનના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ પુનમબહેનના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૩૩,૯૯૭/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.બારડ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** સુરેશચંદ્ર વિશાભાઇ પટેલ (ઉ.વ.૬૮) (રહે. શિવમ ટેનામેન્ટ કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૧ થી તા.૨૭/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મફતલાલ અબારામ પટેલ (રહે. સેંટોસા ગ્રીનલેંડ બગલો એવરગ્રીન પાર્ટી પ્લોટ સામે સરદાર પટેલ રીંગરોડ ભાડજ અમદાવાદ) તથા (૨) હેતલબેન મફતલાલ પટેલ (રહે. શિવમ ટેનામેન્ટ કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ ભેગા મળી સેટેલાઈટ ખાતે બનેલી કંટ્રક્શન સાઈટમાં ત્રણ ફ્લેટ આપવાની લાલચ આપી સુરેશચંદ્ર પટેલ પાસેથી રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મેળવી લઈ ફ્લેટ કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**સાબરમતીઃ** જૈમીન કનુભાઇ પટેલ (ઉ.વ.૨૬) (રહે. અનમોલ બંગ્લોઝ બેંક ઓફ બરોડા પાસે ન્યુ રાણીપ) એ તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મિતેષ ભરતભાઇ નાયી (રહે. ઓઝોન રેસીડન્સી ચેનપુર રોડ ન્યુ રાણીપ) એ જૈમીન પટેલને કેનેડાના વિઝા અપાવવાનુ કહી ટુકડે-ટુકડે રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઇને કેનેડાના વિઝા નહી અપાવી તેમજ રૂપિયા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૧/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** કલ્પેશભાઇ મનોહરલાલ ક્ષત્રીય (ઉ.વ.૪૫) (રહે. શક્તિનગર અજય ટેનામેન્ટ રોડ જ્યોતિ સ્કુલ સામે અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૦ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦૨/૨૦૨૦**

**શહેરકોટડાઃ** અપર આરમોગમ મુદલીયાર (ઉ.વ.૪૩) (રહે.ગફુરભાઇની ચાલી સી કોલોની સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૦ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશકુમાર કિરણચન્દ્ર ચલાવે છે.

**દરીયાપુરઃ** સુધીરભાઇ રમણભાઇ મકવાણા (ઉ.વ.૩૫) (રહે. લાલપોળ હનુમાનવાળી પોળની અંદર દરીયાપુર) એ બેકારીથી કંટાળી ડીપ્રેશનમાં રહેતા હોઈ તા.0૩/0૭/૨૦૨૦ કલાક ૧૧/00 વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.પટેલ ચલાવે છે.

**ઓઢવઃ** સાહીલભાઇ નટવરભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે. સાઇ ફલેટ નવરંગ સ્કુલની બાજુમા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.0૩/0૭/૨0૨0 કલાક ૧૨/00 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી